નાયબ નિયામકશ્રી વિભાગીય દ્વારા સમયાંતરે સમિક્ષા બેઠક યોજવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક:WCDD/RTA/e-file/23/2023/1084/B1 Branch

સચિવાલય, ગાંધીનગર

## પરિપત્ર

સંકલિત બાળ વિકાસ યોજનાઓનાં સફળ સંચાલન માટે સુચારુ અમલીકરણ થઇ શકે તેમજ જિલ્લા અને રાજ્ય કચેરી વચ્ચે સંકલન થઇ શકે તે હેતુથી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે નાયબ નિયામકની વિભાગીય કચેરી કાર્યરત છે. નાયબ નિયામક વિભાગીય દ્વારા વહીવટી અને મહેકમની કામગીરી, નાણાકીય બાબતો, પોષણ વિષયક બાબતો, SAG, પૂર્ણા યોજના, પોષણ ૨.૦ અભિયાન, બાંધકામ અને લોજીસ્ટીક જેવી સંલગ્ન તમામ બાબતોમાં યોગ્ય મોનીટરીંગ અને આઇસીડીએસ હેઠળની યોજનાનો લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચે જેથી બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં વધારો થાય જેવી બાબતો અર્થે તેમના કાર્યક્ષેત્ર હેઠળના તમામ જિલ્લાઓની માસિક સમિક્ષા કરવામાં આવતી હોય છે.

આઇસીડીએસ યોજનાને લગત ઉપર મુજબની તમામ કામગીરીની વધુ સમિક્ષા થઇ શકે તે અર્થે સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની સૂચનાઓ નીચે મુજબ પરિપત્રિત કરવામાં આવે છે.

૧) નાયબ નિયામક, વિભાગીય દ્વારા દર ૩ મહિને તેમના કાર્યક્ષેત્ર હેઠળના બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓની સમિક્ષા બેઠક યોજવી.

૨) નાયબ નિયામક, વિભાગીય દ્વારા દર ૪ મહિને તેમના કાર્યક્ષેત્ર હેઠળની મુખ્ય સેવિકાઓની સમિક્ષા બેઠક યોજવી.

૩) નાયબ નિયામક, વિભાગીય દ્વારા દર ૬ મહિને તેમના કાર્યક્ષેત્ર હેઠળની આંગણવાડી કાર્યકર/તેડાગરની સમિક્ષા બેઠક યોજવી.

આ સમિક્ષા બેઠક કાર્યવાહી નોંધ, એક્શન ટેકન રીપોર્ટ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીને મોકલી આપવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.આઇ.લેઉવા )

ઉપ સચિવ

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

-સર્વે નાયબ નિયામક વિભાગીય,અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ

નકલ જાણ સારુ

1. માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.08.29
17:30:38 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign